ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી એસ.ટી. બસોમાં કેમેરા લગાવાશે**

# વાયબ્રન્ટ ગાંધીનગર - અનોખો નઝારો - સમી સાંજનો ઝળહળાટ







## વાઈબ્રન્ટના પાંચ દિવસ અડધુ શહેર 'નો-પાર્કીંગ' ઝોનમાં..!

### જાહેરનામુ ભંગ કરનાર સામે ગુનો દાખલ થશે

ગાંધીનગર, તા. ૫

વાઈબ્રન્ટ ગુજરાત સમિટ-૨૦૧૭, ૯ જાન્યુઆરીથી ૧૩ જાન્યુઆરી સુધી પાટનગરમાં યોજાનાર છે. જેમાં દેશના વડાપ્રધાન સહિત અનેક વીવીઆઈપી મહાનુભાવો આવનાર છે. તેમની સલામતી અને સુરક્ષાને ધ્યાને રાખી કાયદો અને વ્યવસ્થા તથા ટ્રાફીક પાર્કીંગ નિયમન જળવાઈ રહે તે હેતુસર અડધુ શહેર 'નો પાર્કીંગ' ઝોન તથા જાહેર જનતા માટે પ્રવેશ પ્રતિબંધીત કરતુ જાહેરનામુ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ એચ.એમ. જાડેજાએ પ્રસિદ્ધ કર્યું છે. આ જાહેરનામાનું ઉલ્લંઘન કરનારની સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરવામાં આવશે.

**શહેરના કયા-કયા માર્ગો પર નો-પાર્કિંગ..?**

- ચ-૩ થી ચ-૫ સુધીનો મુખ્ય રોડ
- ઘ-૩ થી ઘ-૫ સુધીનો મુખ્ય રોડ
- ગ-૩ થી ગ-૫ સુધીનો મુખ્ય રોડ
- ખ-૦ થી ખ-૫ સુધીનો મુખ્ય રોડ
- ચ-૩ થી ખ-૩ સુધીનો રોડ નં. ૩
- સરકીટ હાઉસ સર્કલથી ખ-૫ સુધીનો રોડ નં. ૫
- વૈષ્ણોદેવી સર્કલથી ઈન્દ્રોડા સર્કલ જ-રોડ સેક્ટર-૩૦ સર્કલ સુધીનો.
- ઈન્દીરાબ્રીજથી રક્ષાશક્તિ સર્કલથી સરગાસણ ચોકડી મહાત્મા મંદિર સુધીનો માર્ગ.
- રક્ષા શક્તિ સર્કલથી ગીફટસીટી સુધીનો મુખ્ય રોડ

**જાહેર જનતા માટે ક્યાં ક્યાં પ્રવેશ પ્રતિબંધિત..?**

- ખ-૦ (સરગાસણ) ચાર રસ્તાથી ખ-૫ સર્કલ સુધી પ્રવેશ પ્રતિબંધ
- વૈકલ્પીક માર્ગ ખ-૦ થી અન્ય બાજુ જતો વાહન વ્યવહાર ગ-૦ તરફ ડાયવર્ટ કરવાના રહેશે.
- વૈકલ્પીક માર્ગ ખ-૫ થી ખ-૦ બાજુ જતો વાહન વ્યવહાર ગ-૫ તેમજ અન્ય તરફ ડાયવર્ટ કરવાના રહેશે.
- ચ-રોડ બીએસએનએલ કટથી ઉદ્યોગભવન થઈ મહાત્મા મંદિર જતો સર્વીસ રોડ ડાયવર્ટ કરવાના રહેશે.
- ફેરી સર્વીસ વાહનોએ પણ વન વે નો અમલ કરવાનો રહેશે.
- મહાત્મા મંદિરથી કોલેજ બાજુથી ગ-૪ સે. ૧૬ કેટેગરી ઘ-૪ થી ટાઉનહોલ જતો સર્વિસ રોડ.
- વૈકલ્પીક રોડ ગ-૩ સર્કલથી ઘ-૩ સર્કલ થઈ ચ-૩ સર્કલ જવાનુ રહેશે.
- સ્થાનિક રહીશોના વાહનો, એમ્બ્યુલન્સ તથા ફરજ પરના સરકારી અધિકારીઓ, કર્મચારીઓના વાહનોને આ જોગવાઈઓ લાગુ પડશે નહિ.

## સી અને ડી ગ્રેડની શાળાના શિક્ષકોના ખાનગી અહેવાલમાં નોંધ કરાશે : ભૂપેન્દ્રસિંહ

### ગુણોત્સવના પરિણામે સી અને ડી ગ્રેડની શાળાઓ ઘટી છે

ગાંધીનગર, તા. ૫

સતત બે વર્ષથી સી અને ડી ગ્રેડ ધરાવતી શાળાના શિક્ષકોની સેવાપોથી તેમજ ખાનગી અહેવાલમાં નોંધ કરવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે તેમજ ગુણોત્સવ-૭ની વિગતો આપવા યોજાયેલ પત્રકાર પરિષદમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ જણાવ્યું છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે ગુણોત્સવના સફળ આયોજનને પગલે પ્રા. શાળાઓમાં અપાતા શિક્ષણની ગુણવત્તામાં સુધારો થયો છે. જો કે સરકારી શાળાઓમાં ઘટતી જતી વિદ્યાર્થીઓની સંખ્યા અંગે તેમણે મૌન રહેવાનું પસંદ કર્યું હતું.

આજે તેમણે જણાવ્યુ હતુ કે શિક્ષણમાં ડ્રોપઆઉટ રેસિયો પણ ઘટ્યો છે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ સરકારે વિકસાવી છે. નબળા પરિણામ ધરાવતી શાળાઓને દત્તક આપવામાં આવી છે. શિક્ષકોની ઘટને પગલે બાળકોના અભ્યાસ પર વિપરીત અસરો પડી રહી હોવાની વાતનો ઈન્કાર કરી તેમણે જણાવ્યુ હતુ કે શિક્ષકોની ભરતી અંગેની પ્રક્રિયા પણ ટુંકમાં શરૂ થઈ રહી છે. બાળકોને દરેક વિષયનું શિક્ષણ મળી રહે તેવા સંપૂર્ણ પ્રયાસ કરવામાં આવે છે.

રાજ્યની પ્રાથમિક શાળાઓની શૈક્ષણિક ગુણવત્તાના સતત મૂલ્યાંકનના આધારે તેની અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક ગુણવત્તાના સુધારાના ઉદ્દેશ સાથે તા. ૧૬, ૧૭, ૧૮ જાન્યુઆરી-૨૦૧૭ના રોજ રાજ્યમાં ગુણોત્સવ-૭નો પ્રારંભ થશે. સમગ્ર દેશમાં સૌથી મોટા શાળા મૂલ્યાંકન કાર્યક્રમ સમા ગુણોત્સવ-૭ દરમિયાન રાજ્યની ૩૪૦૦૦ કરતાં વધુ પ્રાથમિક શાળાઓ, ૭૧૫ જેટલી આશ્રમ શાળાઓ અને ૫૯૩ જેટલી ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓમાં ભણતા અંદાજે ૫૪ લાખથી વધુ બાળકોની શૈક્ષણિક ગુણવત્તાનું મૂલ્યાંકન કરાશે તેમ શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને પ્રાથમિક શિક્ષણ રાજ્ય મંત્રી નાનુભાઈ વાનાણીએ જણાવ્યું છે. આજે ગાંધીનગર ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં ગુણોત્સવ-૭ અંગે વિગતો આપતા શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીઓ, સંસદસભ્યો, ધારાસભ્યો, આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. અધિકારીઓ ઉપરાંત સચિવાલય, જિલ્લા કક્ષાના અધિકારીઓ, શિક્ષણ સંસ્થાઓ સાથે સંકળાયેલા અધિકારીઓ વગેરે ગુણોત્સવમાં જોડાઈને જે તે શાળાનું શૈક્ષણિક મૂલ્યાંકન કરશે.

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં ૩ વર્ષમાં ૧૩ લાખને નોકરી આપવામાં આવી છે : મુખ્ય સચિવ

### છેલ્લા ૩ વર્ષમાં ૧૩ લાખ બેરોજગારોને નોકરી મળી છે જેમાં ૧.૬૯ લાખ મહિલાઓનો સમાવેશ

ગાંધીનગર, તા. ૫

છેલ્લા ૩ વર્ષમાં ગુજરાત સરકારે લીધેલા પગલાંને કારણે લગભગ ૧૩ લાખ ઉમેદવારોએ નોકરી મેળવી હોવાનો દાવો આજે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંહે કર્યો છે.

તેમણે જણાવ્યું હતુ કે અનુ. જનજાતિના ૧.૦૮ લાખ, અનુ.જાતિના ૭૮ હજાર, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત ૨.૮૬ લાખ ઉમેદવારોએ રોજગારી મેળવી છે. આ ઉપરાંત છેલ્લા ૩ વર્ષમાં ૧.૬૯ લાખ મહિલાઓને રોજગારી આપવામાં આવી છે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે ગુજરાતનો બેરોજગારીનો દર ૯ (દર હજાર વ્યક્તિએ) અંદાજાયેલ છે. સમગ્ર દેશનો આ દર ૫૦ (દર હજાર વ્યક્તિએ) છે. જેની સરખામણીએ ગુજરાતમાં બેરોજગારીનો દર સમગ્ર દેશમાં સૌથી નીચો છે. જે જેથી ગુજરાતમાં લગભગ ૬ લાખ જેટલા ઉમેદવારો બેરોજગાર નોંધાયેલ છે. રોજગાર કચેરીઓ દ્વારા રોજગાર કચેરીઓના લાઈવ રજીસ્ટર પર નોંધાયેલ ૬ લાખ ઉમેદવારો પૈકી ૧ લાખથી વધુ રોજગારવાંછુ યુવાનોના સેમ્પલ સર્વે હાથ ધરાયેલ. આ સર્વેમાં જણાયેલ છે કે મોટા ભાગના ઉમેદવારો પોતાના પસંદગીની રોજગારી તકો માટે નોંધાવતા હોય છે. ખરેખર રોજગાર કચેરી ખાતે નોંધાયેલ ઉમેદવારો પૈકી બેરોજગારોની ટકાવારી ૩૪ ટકાથી વધુ નથી.

# વાયબ્રન્ટના ઝગમગાટ સામે અળખામણું ગાંધીનગર

## વાઇબ્રન્ટ લુકની ભીંતરમાં કંગાળ ભાસતા સેકટરોના આંતરિક વિસ્તારમાં બિહામણા દ્રશ્યો









**વાઇબ્રન્ટના ભવ્ય તામજામ વચ્ચે સેકટરોની શેરીઓમાં દુવિધાઓ વચ્ચે ગુંગળામણ અનુભવતા રહીશો : મુખ્ય માર્ગોથી ચાર ડગલા અંદર સેકટરોમાં દુવિધાઓનુ દંગલ કટાયેલા બાર્ડસ અને લાઇટના થાંભલા : ગાબડાગ્રસ્ત આંતરિક માર્ગો : રખડતા ઢોર વચ્ચે ગંદકીના ઢગ : ટ્રીમીંગના અભાવે લટકતી વૃક્ષોની ડાળીઓ**

ગાંધીનગર તા ૫

આગામી વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના માર્ગો ,ફુટપાથ , સર્કલો સહીત મહાનુભાવોની અવરજવરના રૂટને સજાવવા માટે સરકારી તંત્ર ખડે પગે છે. મહાનુભાવોના ઓવારણાં લેવા માટે સુશોભનની સાથે સુરક્ષાનો પણ પુરતો બન્દોબસ્ત તૈનાત રહેશે. નગરને નવા રૂપરંગ આપવાનુ કામ અંતિમ તબક્કામાં છે. મહાનુભાવોને તામજામ પુરો પાડવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. વાઈબ્રન્ટ લુકનો નઝારો રાત્રિના સમયે નિખરે છે. ચક્કાચોન કરતા માર્ગો વચ્ચે સર્કલો અને આસપાસના વિસ્તારમાં ઝગમગતી રોશની આમ નાગરિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બની છે. પરંતુ મહાનુભાવોની અવરજવરથી કોરાણે રહેતા સેકટરોના આંતરિક વિસ્તારમાં તદન વિપરિત સ્થિતિ છે. ડગલે અને પગલે બિહામણાં દ્રશ્યો જોવા મળી રહયા છે. સેકટરોના આંતરિક વિસ્તારમાં રખડતા ઢોરની વચ્ચે ખદબદતી ગંદકીથી સ્થાનિક રહીશોનુ મોં વંકાયુ છે. જયારે બંધ રહેતા સ્ટ્રીટ લાઈટના કટાયેલા પોલ્સને અવરોધરૂપ થતી વૃક્ષોની ડાળીઓ પણ હજુ યથાવત છે. જયારે સ્ટ્રીટ લાઈટના થાંભલામાં ખુલ્લા વાયરીંગના લીધે પણ દુવિધાની સાથે જોખમ ઉભુ થયુ છે. મુખ્ય માર્ગોને ચકાચક બનાવવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે સેકટરોના આંતરિક માર્ગા પર અસ્તિત્વમાં આવેલા ગાબડા હજુ દુર થયા નથી. સેકટરોના ઉબડ ખાબડ માર્ગના લીધે નાગરિકોની માર્ગ સલામતી પણ

● અનુસંધાન પાન-૭ પર













...શન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com